## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ સર્વબાધાહરાય નમ: || (૫૪)

## બધી વ્યથા દૂર કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ઈશ્વરનું હૃદય માખણ કરતા પણ નરમ હોય છે. ભક્તોની વ્યથાથી તે પીગળે છે અને ઈશ્વરની કૃપા વરસવા લાગે છે. કેવળ પરમેશ્વરની કૃપાથી જ ભક્તોની વ્યથા દૂર થાય છે. કેટલીક વાર પરમેશ્વર પોતે ધારણ કરેલા માનવ શરીર પર ભક્તોની વ્યથા ખેંચી લે છે અને તેઓને તેમાંથી મુક્ત કરે છે.

સાઈના શિરડી અવતારની આ એક કથા. જાન્યુઆરી ૧૯૧૨ માં દાદા સાહેબ ખાપડે નામના સાઈ મહારાજના એક ભક્ત હતા. એકવાર પત્ની અને પુત્ર સાથે તે શિરડીમાં હતા ત્યારે તેમના પુત્રને અચાનક તાવ આવ્યો. તાવ એટલો વધ્યો કે તે છોકરો હેરાન થઈ ગયો. તેનાથી તેની માતા પણ અત્યંત વ્યથિત થઈ ગઈ. નિત્યક્રમ પ્રમાણે સાંજે ફરવા માટે સાઈનાથ નીકળ્યા. ત્યારે તે છોકરાની માતા શ્રીમતી લક્ષ્મીબાઈ ખાપડે દોડતી જઈને સ્વામીના પગમાં પડી, રડતાં રડતાં તેણે સમસ્ત વૃત્તાંત સાઈનાથને કહ્યો. આવા ગંભીર સમયે તેનું સાંત્વન કરતા સાઈનાથ બોલ્યા-વાદળોથી આકાશ ભરાયું છે એવું સમજ. મુશળધાર વરસાદ થશે અને આકાશ સ્વચ્છ થશે, આવું થતી વખતે ગભરાવું શું? "

આમ કહીને તેમણે પોતાની કફની કમર સુધી ઊંચકી અને તેમના શરીર પર ઊઠેલી ગાંઠો બતાવીને ત્યાં ઉપસ્થિત બધાને સંબોધીને બોલ્યા-" જુઓ, તમારા રોગ આવી રીતે મારા પર લેવા પડે છે. "

લક્ષ્મીબાઈ જયારે તેમના રહેઠાણે પાછા આવ્યા, ત્યારે તેમના પુત્રનો તાવ ઊતરી ગયો હતો.

પરમેશ્વર કેવળ શારીરિક જ નહીં, પરંતુ માનસિક વ્યથા પણ દૂર કરીને ભક્તોની સાંસારિક અને પરમાર્થિક ઉન્નતિ કરે છે.

ઘણા વર્ષો પહેલાંની આ એક વાત. એકવાર સ્વામી દિલ્હીમાં ભક્તોને દર્શન આપવા માટે ગયા હતા. તેમના દર્શનની જ્યાં વ્યવસ્થા કરવામાં આવી હતી ત્યાં ખૂબ જ ભીડ જમા થઇ હતી. અનેક ધનિક લોકો તેમાં હતા. તેમાંની એક વ્યક્તિના ડ્રાઇવરના મનમાં આવ્યું કે, આપણા માલિક આટલી આતુરતાથી કોના દર્શન માટે ગયા છે એટલે તે પણ ગાડી ઊભી કરીને દર્શન કરવા માટે

ગયો, પરંતુ ત્યાં એટલી ભીડ હતી કે તેને ખૂબ જ દૂરથી સ્વામીના દર્શન થયાં. સ્વામીના દર્શન સમયે તેને પોતાની શારીરિક વ્યથા અને આર્થિક અડચણો યાદ આવવા લાગી અને તેના મનમાં વિચાર આવ્યો કે મને જો આ બાબા પાસે જવા મળ્યું હોત તો મેં મારી અડચણો તેમને કહી હોત. પરંતુ, તેને દૂરથી જ અપષ્ટ દર્શન થવાનું હતું તેથી તેની વ્યથા ન કહેતા જ તેને પાછા ફરવું પડયું.

ત્યાર પછી થોડાક વર્ષો વીત્યા. તે ડ્રાઇવરની જે વ્યથા હતી, તે આપમેળે જ ઓછી થવા લાગી. અડચણો દૂર થઇ ગઈ. ચિંતા અને ભયમુક્ત થયા પછી તેને એકવાર કોઈ પાસેથી ભગવાન બાબા વિશે માહિતી મળી અને તે પોતાના પરિવાર સાથે પ્રશાંતિનિલયમ ગયો. દર્શન માટેની પંક્તિમાં જ્યારે તે બેઠેલો હતો ત્યારે સ્વામીએ તેને મુલાકાત માટે બોલાવ્યો. પ્રત્યક્ષ મુલાકાત સમયે સ્વામીએ તેને કહ્યું – " આપણે આ પૂર્વે પણ એકવાર મળ્યા છીએ. તમારી પ્રાર્થના મારા સુધી પહોંચી." આ સાંભળતા જ તેને દિલ્હીની તે ઘટના યાદ આવી. જ્યારે તેણે ખૂબ જ દૂરથી સ્વામીના દર્શન કર્યા હતા અને તેમને પોતાની વ્યથા કહેવા ન મળતા તે નિરાશ થયો હતો. પરંતુ, આજે સ્વામી જે કાંઈ બોલ્યા હતા, તેના પરથી તેને ખાતરી થઈ કે, તે વખતે મને વ્યથા કહેવાનો અવસર મળ્યો નહતો અને દર્શન પણ ખૂબ દૂરથી થયાં હતાં, તે છતાં સ્વામીએ મારી વ્યથા જાણી હતી અને તેમની કૃપાદૃષ્ટિ મારા પર નાખી હતી અને મારી સમસ્ત વ્યથાનું, સમસ્યાનું નિવારણ કર્યું હતું, જે કેવળ પ્રત્યક્ષ પરમેશ્વર જ કરી શકતા હતા.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||